# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૬૦ તા.૧૯-૯-૨૦૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી મ્યુનિ.શાળાઓને જણાવવાનું કે આપણે સૌ જાણીએ છીએ તેમ ગરવી ગુજરાતની ગરિમા સમા ગરબાનું આપણાં જીવનમાં અનેરૂ મહત્વ છે. ગુજરાતના રાસ – ગરબા તો માત્ર ભરતભરમાં નહીં પણ દેશ – વિદેશમાં પણ પ્રખ્યાત છે. ગુજરાતની આ અનોખી સંસ્કૃતિની પરંપરા ચાલુ રહે તે માટે ગત વર્ષની જેમ આ વર્ષે પણ આપણી શાળાઓ માટે 'ગરબા મહોત્સવ' નિમિત્તે રાસ-ગરબા સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે.

ઉચ્ચ પ્રા. શાળાઓએ પોતાના ગરબાની એન્ટ્રી બીટ સુપરવાઇઝરશ્રીને કરાવવાની રહેશે. બીટ કક્ષાની સ્પર્ધા બીટનિરીક્ષકશ્રીના જણાવેલ સ્થળે અને સમયે થશે. બીટ સુપરવાઇઝરશ્રીએ બીટમાં પસંદ થયેલ ત્રણ ગરબાની નોંધ આસિ.એ.ઓ.શ્રીને કરાવવાની રહેશે. ઝોનકક્ષાની સ્પર્ધા તા. ૩૦/૯/૧૯ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે નીચે જણાવેલ સ્થળે યોજાશે.

| ક્રમ | ઝોન | સ્થળ |
|---|---|---|
| ૧ | પૂર્વ | અમરાઇવાડી શાળા નં -૭ |
| ૨ | પશ્ચિમ | મહાત્માગાંધી -૨ |
| ૩ | મધ્ય | પ્રિતમપુરા – ૧ |
| ૪ | ઉત્તર | બાપુનગર – ૧૩ |
| ૫ | દક્ષિણ | કાંકરિયા – ૮ |
| ૬ | હિન્દી | ખોખરા શાળા નં -૨ |

**રાસ-ગરબા સ્પર્ધાના નિયમો નીચે મુજબ છે.**

**નિયમો:-**

1. રાસ-ગરબાની સ્પર્ધા ધો. ૬ થી ૮ ના બાળકો ભાગ લઇ શકશે.
2. રાસ-ગરબાનો સમય ૬ મિનિટનો રહેશે.
3. ઓછામાં ઓછા ૧૫ અને વધુમાં વધુ ૨૦ બાળકો ભાગ લઇ શકશે.
4. રાસ-ગરબા માટે સીડી/પેનડ્રાઇવનો ઉપયોગ કરવો.
5. બીટ કક્ષાની સ્પર્ધામાં વિજેતા થનાર શાળાએ ગરબાના શબ્દો, વિદ્યાર્થીઓના નામની યાદી, તૈયાર કરનાર શિક્ષકનું નામ, મોબાઇલ નંબર, બેંક ઓફ ઇન્ડિયાનો એકાઉન્ટ નંબર અને IFSC કોડ નંબર સાથેની કોમ્પ્યુટરાઇઝડ કોપી અપવી.

**ગુણાંકન :-**

| રાસ-ગરબાની અભિનય કળા | પહેરવેશ | તાલ સાથે સુમેળ | સમયપાલન | એન્ટ્રી–એક્ઝીટ | સમગ્ર છાપ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ૨૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫ | ૫૦ |

નવરાત્રી દરમ્યાન શહેર કક્ષાની સ્પર્ધા તારીખ – 3/૧૦/૧૯ ના રોજ સવારે ૮.૦૦ કલાકે ટાગોર હોલ ખાતે રાખવામાં આવશે. જેમા ઝોન કક્ષામાં પ્રથમ આવનાર શાળા ભાગ લેશે. શહેર કક્ષાએ ૬(છ) ઝોનની ૬ કૃતિઓ વચ્ચે સ્પર્ધા થશે.

આ સ્પર્ધામાં ઝોન કક્ષાએ વિજેતા થયેલ પ્રથમ ત્રણ કૃતિને પુરસ્કાર તથા શહેર કક્ષાએ વિજેતા થયેલ ત્રણ કૃતિઓને પુરસ્કાર તેમજ શિલ્ડ એનાયત કરવામાં આવશે.

તા.૧૯-૯-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

અગત્યની નોંધ :- પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૧૯ની **પરીક્ષા તા.૨૦-૧૦-૧૯ ના બદલે તા.૧૭-૧૧-૧૯ના રોજ લેવામાં આવશે.** જેની દરેક બાળકોને જાણ કરવાની રહેશે.

તા.૧૯-૯-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી